# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આકૃયુ, નવાગામ અને ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા દ્વારા બે દિવસીય કૃષિ કૌશલ્ય તાલીમ કાર્યક્રમ યોજાયો.

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ અને ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા દ્વારા સંયુક્ત રીતે તા. ૨૬.૧૨.૨૦૨૪ અને ૨૭.૧૨.૨૦૨૪નાં રોજ બે દિવસીય કૃષિ કૌશલ્ય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ખેડા જીલ્લાના જુદા-જુદા ગામોમાંથી કુલ-૬૦ જેટલા પ્રગતિશીલ ભાઈઓ તથા બહેનો ખેડૂતોએ ભાગ લીધેલ હતો.

આ કાર્યક્રમમાં ડૉ. આર.કે.ગંગવાર, સંશોધન વૈજ્ઞાનિક(પેથો.) દ્વારા આ કેન્દ્ર પર ચાલતા સંશોધનો, ખેડૂતો માટે વિકસાવવામાં આવેલ જાતો તથા ડાંગરના રોગો અને તેનું સંકલિત વ્યવસ્થાપન વિષે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું, ડૉ. એસ.એસ.થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ડાંગરમાં આવતી જીવાતો અને તેનું સંકલિત વ્યવસ્થાપન વિષે સંપુર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા પિયત આધારીત ઓરાણ ડાંગર(DSR)ની ખેતી પધ્ધતિની માહિતી અને તેના ફાયદા વિષે સમજણ આપી, શ્રી.એન.આર.મકવાણા, ખેતી અધિકારી દ્વારા ખેડૂતોને અત્રેના મ્યુઝિયમની મુલાકાત કરાવી. સદર કાર્યક્રમ દરમ્યાન ડાંગરની ખેતીમાં મુજવતા પ્રશ્નો અંગેની વિસ્તૃત ચર્ચા કરી ખેડૂતોને ઊંડાણ પૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું.







**સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.**